# <u>કોમ્યુનિટી વિઝીટનો રિપોર્ટ</u>

આદરણીય સાહેબશ્રી,

કોમ્પ્યુનિટી રેડિયોએ ખાનગી અને જાહેર મીડિયા સિવાયનું ત્રીજા ક્ષેત્રનું મીડિયા છે જે તેની આસપાસના પ્રભાવિત સમુદાયને તેમના મુદ્દાઓ, વિચારોને રજુ કરવા માટેનું માધ્યમ (platform) પૂરું પાડે છે. કોમ્યુનિટી રેડીયોનો મુખ્ય ઉદેશ્ય છે For the people, By the people, Of the people and From the people. કોમ્યુનિટી રેડીયો માટે સમુદાયનું જોડાણ ખુબ જ મહત્વનું છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી દ્વારા એક નવીન ઉપક્રમના ભાગરૂપે ‘Hello BAOU” કોમ્યુનિટી રેડીયોને શરુ કરવામાં આવેલ છે જેની ફ્રીક્વંસી 90.0 FM છે. કોમ્યુનિટી રેડિઓ એના નામ પ્રમાણે સમુદાય માટે કામ કરે છે, માટે સમુદાય પાસે જઈને એમની વચ્ચે રહીને એમની વાત રજુ કરવી જરૂરી છે.

કોમ્યુનિટી રેડીયો તેના નામ પ્રમાણે સમુદાય માટે કામ કરે છે અને એ હેતુથી તા.૨૮/૧૨/૨૦૨૨ ના રોજ કોમ્યુનિટી રેડિયો અને એક્ષટેન્સન એકટીવીટીના સંયુક્ત ઉપક્રમે જાસપુરગામની મુલાકાત કરેલ જેની વિગતો નીચે પ્રમાણે છે.

સૌ પ્રથમ ગામની માધ્યમિક શાળાની મુલાકાત કરી. શાળાના વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ, કારકિર્દી, અભ્યાસ સિવાયની ઈતર પ્રવૃતિઓ, વિદ્યાર્થીઓના શોખ વગેરે વિષયો અંગે સંવાદ કરી ધ્વનિમુદ્રણ કર્યું. ઉપ આચાર્ય સાથેની વાતચીતમાં તેમણે વિદ્યાર્થીઓ નો શિક્ષણ તરફનો અભિગમ, ડ્રોપઆઉટ રેશીઓ,શાળામાં ઉપલબ્ધ સુવિધાઓ, શાળાને લાભ મળતો હોય તેવી સરકારી યોજનાઓ,ગ્રામજનોનો પોતાના બાળકોને ભણાવવા તરફનો અભિગમ વગેરે અંગે માહિતી આપી જેનું ધ્વનીમુદ્રણ કર્યું.જાસપુર ગામના તલાટીશ્રીની પણ મુલાકાત કરી જેમાં તેમણે ગામના વિકાસમાં સરકારી યોજનાઓનો લાભ,મુખ્ય વ્યવસાય, આર્થિક પરિસ્થિતિ, ભવિષ્યના થોડા આયોજનો વગેરે વિષયો અંગે જાણકારી આપી જેનું ધ્વનીમુદ્રણ કર્યું. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના ડોક્ટર સાહેબની પણ મુલાકાત કરી. ગામમાં ચાલતા આરોગ્યલક્ષી કાર્યક્રમો, આયુષ્યમાન કાર્ડ બનાવવા માટેની સુવિધા, લોકો માં સ્વાસ્થય અંગેની જાગૃતિ, યુવાનોમાં વ્યસન, સેન્ટરમાં ઉપલબ્ધ સુવિધાઓ વગેરે બાબતો અંગે વિસ્તૃત જાણકારી આપી જેનું ધ્વનીમુદ્રણ કર્યું.


શ્રી એમ. કે. પટેલ હાઈસ્કૂલ






ગ્રામ પંચાયત કાર્યાલય